
# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જુ. ક્લાર્કની પરીક્ષા મોકુફ

**(સમીર બલોચ દ્વારા)** મોડાસા, તા.૧૯

સમગ્ર ગુજરાત રાજય સહિત આજે અરવલ્લી સાબરકાંઠા અને ગાંધીનગર જીલ્લામાં પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા લેવાનારી ફીમેલ હેલ્થ વર્કર અને જુ. કલાર્કની લેખીત પરીક્ષા આજે બપોરે ૩ કલાકે યોજાવાની હતી. પરંતુ આજે બપોરે ૧ર કલાકે શિક્ષણ વિભાગ ધ્વારા પેપર ફુટી ગયુ હોવાની આશંકાને પગલે અરવલ્લી, સાબરકાંઠા અને ગાંધીનગર જીલ્લામાં પરીક્ષા આજે મોકુફ રાખી અને નવા સમયે નવી તારીખે યોજવાનુ નકકી કર્યુ હતું.

છેલ્લા કેટલાય સમયથી ગુજરાત રાજયના શિક્ષણ વિભાગમાં ભ્રષ્ટ્રાચારે માજા મુકી છે અને કેટલાય સમયથી અવાર-નવાર સરકાર ધ્વારા યોજવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર લીક થવાના સમાચારો પ્રકાશીત થતા આવ્યા છે છતાં પણ સરકાર ધ્વારા આ મમલે કોઈ યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. ત્યારે ગઈકાલે પંચાયત પસંદગી મંડળ ધ્વારા યોજાએલી તલાટીની પરીક્ષામાં હિંમતનગરની માયઓન હાઈસ્કુલમાં પરીક્ષા દરમ્યાન બે શખ્સો પાસેથી આખેઆખા પેપરની સોલ કરેલી પ્રશ્નાવલી અને જવાબો સહિતનુ કાગળ અને લખાણ ખંડ નીરીક્ષકના આ હાથે લાગવાની ઘટનાને હજુ તો ર૪ કલાક જેટલો સમય પણ વીત્યો નથી અને આજે જીલ્લા પંચાયત પસંદગી સમિતીના સચીવ ધ્વારા આજે બપોરે એકાએક બપોરે ૩ કલાકે યોજાનારી ફીમેલ હેલ્થ વર્કર અને જુ. કલાર્કની પરીક્ષા લેવાવાની હતી તે પરીક્ષાનુ પેપર વોટસએપ પર ફરતુ થયુ હોવાની આશંકા ના પગલે તાત્કાલીક ધોરણે આ પરીક્ષ મોકુફ રાખી અને આજે યોજાનારી પરીક્ષા ફરીથી નવી તારીખે લેવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી ત્યારે સરકારના તંત્ર ધ્વારા જો આવી લેવાતી પરીક્ષાઓ અંગે ગંભીરતા રાખીને આવી પેપર લીક થવાની બાબતે આવુ કૃત્ય કરનાર સામે યોગ્ય પગલા ભરવામાં આવે તો આવી પરીક્ષાઓ માટે મહેનત કરનાર ગરીબ વીદ્યાર્થીઓને અન્યાય થાય નહી. બીજી બાજુ શિક્ષણ વિભાગ ધ્વારા આજ રોજ યોજાનાર પરીક્ષા મોકુફ રખાઈ હોવાની માહીતી સમયસર રીતે પ્રસીધ્ધ ન કરાતા કેટલાય વીદ્યાર્થીઓને ધોમધખત તાપમાં સેન્ટરો પર જઈને વિલા મોઢે પૈસાનુ પાણી કરી પરત ફરવુ પડયુ હતું.

જયારે હાલ સમગ્ર અરવલ્લી જીલ્લામાં લોકમુખે એવી પણ ચર્ચા એ જોર પકડયુ છે કે ગઈકાલે રાત્રીના ૧ર વાગ્યાના સમયે આ પરીક્ષાનુ પેપર લીક થયુ હતુ અને અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં કેટલાક શખ્સો ધ્વારા આ પેપર પાંચ પાંચ લાખ રૂપીયામાં વેચાતુ હોવાની બુમ ઉઠવા પામી છે. જો શિક્ષણ વિભાગ ધ્વારા આ બાબતે યોગ્ય તપાસ કરવામાં આવે તો આ પેપર લીક થવાનો રેલો... બાયડ થઈ વાયા ચિલોડા અને ગાંધીનગર સુધી પહોચે તેવુ છે.



અગત્યની સુચના

તા.૦૭-૦૬-૨૦૧૫

આજ રોજ લેવાની થતી એફ.એચ.ડબલ્યુ તથા જુ. કલાર્કની પરીક્ષા અસામાન્ય સંજોગોના કારણે હાલ મુલત્વી રાખવામાં આવેલ છે. આગામી પરીક્ષા અંગેની જાણ તમામ ઉમેદવારોને અલગથી કરવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

હુકમથી
સચિવશ્રી
જીલ્લા પંચાયત સેવા
પસંદગી સમિતી,સાબરકાંઠા
હિંમતનગર

## ગરીબ અને મહેનતુ ઉમેદવારોની હાલત કફોડી

સમગ્ર ગુજરાત રાજયમાં આજે જીલ્લા પંચાયત સેવા સમિતી ધ્વારા ફીમેલ હેલ્થ વર્કર અને જુ. કલાર્કની પરીક્ષા યોજાવાની હતી. પરંતુ શિક્ષણ વિભાગ ધ્વારા એકાએક આ પરીક્ષાનું પેપર ફુટી જવાની આશંકાને પગલે પરીક્ષા રદ કરાતા છેલ્લા કેટલાય દિવસથી આ પરીક્ષા માટે તનતોડ મહેનત કરનાર ગરીબ વિદ્યાર્થીઓના મોઢા વિલા થઈ ગયા હતા. જયારે આ પેપર લીક કરનાર શખ્સો ધ્વારા અમીર વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી લાખો રૂપીયા ખંખેરીને પેપર લીક કરાયુ હોવાના કારણે મહેનત કરનાર ગરીબ ઉમેદવારોને મોટો અન્યાય થતો દેખાઈ રહયો છે.

## તલાટીની પરીક્ષામાં ગેરરીતિ કરતાં પકડાયેલ ઉમેદવાર અમદાવાદ અને ગાંધીનગરના

ગઈકાલે હિંમતનગરની માયઓન હાઈસ્કુલમાં તલાટીની લેખીત પરીક્ષા દરમ્યાન બે શખ્સો પાસેથી આખેઆખા પેપરની સોલ કરેલી પ્રશ્નાવલી અને જવાબો સહિતનુ કાગળ અને લખાણ પકડાયુ હતુ. જયારે પકડાયેલ આ બન્ને વિદ્યાર્થીમાંથી એક ગાંધીનગર અને એક અમદાવાદનુ હોવાનુ બહાર આવ્યુ છે ત્યારે આ બન્ને વિદ્યાર્થીઓને ત્યાંથી પરીક્ષા આપવા સાબરકાંઠા જીલ્લામાં કેમ લાબા થવુ પડયુ ? શુ આવી પરીક્ષાઓમાં પાસ થવાનુ એ.પી. સેન્ટર સાબરકાંઠા છે ? કે પછી ઉચ્ચ અધિકારીઓ ધ્વારા આ અંગે કોઈ સેટીંગ કરાયુ હતુ ? હાલ આ બાબતે જીલ્લામાં લોકોના મનમાં ઘણા પ્રશ્નો થઈ રહયા છે ત્યારે હવે આ કેસમાં શું રંધાયુ છે તે તો પોલીસ તપાસમાં બહાર આવે તો ખરૂ.



(તસવીર : જય અમીન, મોડાસા)

## રાજેન્દ્રનગર સહયોગ ટ્રસ્ટમાં મૂલ્યલક્ષી સેમિનારનું આયોજન

અરવલ્લી જિલ્લાની સરહદ અને સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર ચોકડી પર આવેલા સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટમાં મંદબુદ્ધિના ભાઈ-બહેનોની સાર-સંભાળ તેમજ રક્તપિત્ત ધરાવતા બાળકોની સારસંભાળ અને આશ્રય આપવાની સાથે આવા બાળકોને અભ્યાસ પણ અહીં વિવિધ શિક્ષણાર્થીઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. ત્યારે આશ્રમમાં બાળકોને ભણાવતા શિક્ષક ભાઈ-બહેનો અને ટ્રસ્ટમાં સેવા આપતા કર્મચારીઓ માટે સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટના સંચાલક સુરેશભાઈ સોનીએ શિક્ષકો માટે મૂલ્યલક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે કટાર લેખક અને કેળવણીકાર ડૉ. સંતોષ દેવકર દ્વારા શિક્ષકોના મૂલ્યલક્ષી સેમિનારમાં જણાવ્યું હતું કે બાળકોને પ્રેમથી ભણાવવાની વાત પર ભાર મૂક્યો હતો તેમજ જે શિક્ષક અપડેટ નથી થતો તેને વિદ્યાર્થીઓ પોતાના મનમાંથી હાંકી કાઢતા હોય છે જ્યારે જીવદયા પ્રેમી અને સમાજ સેવક નિલેષભાઈ જોષીએ શિક્ષકોને જણાવ્યું હતું અને સમજાવ્યું હતું કે શિક્ષણનું મહત્ત્વ કેળવણી એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. જે સતત ચાલે તો જ વિદ્યાર્થીઓનો વિકાસ થઈ શકે છે.

## તલોદની ટ્રિનીટી સ્કૂલનું ઉત્કૃષ્ઠ પરિણામ

તલોદ, તા. ૭

તલોદ ખાતે ટ્રિનીટી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલનું ધો. ૧૨નું પરિણામ ૧૦૦ ટકા તથા ધો. ૧૦નું ૮૬.૬૬ટકા આવ્યું હતું. ધો. ૧૦માં પ્રથમ ક્રમે જતિન બંસીલાલ શાહ ૯૮.૨૫ પર્સન્ટાઈલ રેન્ક, બીજા ક્રમે મૈત્રી બકુલભાઈ પટેલ ૯૩.૪૮ પર્સન્ટાઈલ રેન્ક તથા ત્રીજા ક્રમે હર્ષીતા હશમુખભાઈ પુરોહીત ૯૨.૬૧ પર્સન્ટાઈલ રેન્ક મેળવી સફળતા પ્રાપ્ત કરી હતી. સંચાલક મંડળ, આચાર્ય અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજ-જેશંગપુરા પાસે મારૂતિ પલ્ટી ખાતા ચાલકનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ પર જેશંગપુરા પાટીયા પાસે મારૂતી ઝેન ઉપરા ઉપરી બે વખત પલ્ટી ખાવા છતાં મારૂતી ચાલકનો આબાદ બચાવ થતાં બચનારે ભગવાનનો પાડ માન્યો હતો.

ગઢોડા ગામના વતની અને પ્રાથમિક શિક્ષક ક્ષિતિજ રૂપાલી પોતાની મારૂતી કાર લઈને પ્રાંતિજથી હિંમતનગર તરફ જતા હતા ત્યારે જેશંગપુરા પાટીયા પાસે અબોલ પશુને બચાવવા જતાં મારૂતી કાર રોડ પરથી ફંગોળાઈ બે વખત ઉથલી પડી પલ્ટી ખાઈ ગઈ હતી. પરંતુ ચાલક રૂપાલીને સામાન્ય ઈજાઓ જ થઈ હતી. ચાલકે જાતેજ ઉમરજન્સી ફોન કરતાં ૧૦૮ ની સારવારથી હિંમતનગર ખસેડી તેમને સારવાર અપાઈ હતી. એક મોટો અકસ્માત અટક્યો અને પોતાનો આબાદ બચાવ થતાં તેમને ભગવાનો પાડ માન્યો હતો. જેને રામ રાખે તેને કોણ ચાખે સાર્થક થયું હતું.

# મેઘરજ તાલુકાના બચકાદાંતી ગામના જાગૃત ગ્રામજનોએ રસ્તાના મામલે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના પછાત કહેવાતા મેઘરજ તાલુકાના વિકાસ અને લોકોની સુખાકારી સાથે સગવડ મળી રહે તે માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ માટે કોડો રૂપિયા ફાળવી રહ્યા છે ત્યારે રસ્તાની પાયાની જરૂરિયાત માટે સરકારી નાણાં ખર્ચાઈ ગયા બાદ પણ રસ્તો અધુરો બનતા મેઘરજ તાલુકાના બચકાદાંતી ગામના એક જાગૃત ગ્રામજનોને રસ્તાના મામલે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે.

મેઘરજ તાલુકાના બચકાદાંતી માર્ગ ૭૬ લાખ રૂપિયાના ખર્ચે પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજુર કરાયો હતો, પરંતુ આ માર્ગ આજ દિન સુધી પૂર્ણ કરાયો નથી અને જેટલું કામ કર્યું છે. તેમાં પણ નરી વેઠ જ ઉતારવામાં જ આવી છે. સાથે સાથે આ માર્ગ બનવામાં હલકી કક્ષાનું મટીરીયલ વાપરવામાં આવ્યું હોવાથી હાલ આ માર્ગ એક જ વર્ષના સમય ગાળામાં ચીંથરેહાલ બની જાય તેવી દશામાં આવી ગયો છે. આ માટે વારંવાર મામલતદાર કલેક્ટર તેમજ સ્થાનિક બાંધકામ કચેરી સહીતને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈજ પગલા ના લેવાતા છેવટે હારી થાકીને આ રસ્તા મામલે હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી છે.

બચકાદાંતી ગામનો વર્ષોજુનો માર્ગ બનવાની શરૂઆત થઈ ત્યારે લોકોમાં ખુશાલી ફેલાઈ હતી. ચોમાસાની ઋતુમાં બાળકો શાળાએ જવામાં પણ સરળતા રહે તેવી આશા બંધાઈ હતી. પરંતુ આ રસ્તો અધુરો અને ગુણવત્તા વિહીન બનતા રસ્તાની સગવડની આસ પર પાણી ફરી વળ્યુ છે. ત્યારે આ મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરી જવાબદાર અધિકારી તેમજ કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ પગલા ભરાય તે જરૂરી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



# મેઘરજના રેલ્લાવાડા નજીક બાઈક પર વિદેશી દારૂની હેરાફેરી કરતા બે યુવાનો ઝડપાયા

મોડાસા, તા.૭

ગુજરાતમાં દારૂબંધી હોવાથી ગુજરાતમાં વિદેશી દારૂની મોટા પાયે હેરાફેરી કરી બુટલેગરો દ્વારા યેનકેન પ્રકારે વિદેશી દારૂ ઘુસાડી વધુ નફો રળી લેવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. શુક્રવારે સાંજના સમયે ઈસરી પોલિસે રેલ્લાવાડા નજીક બે લબરમૂછીયા દ્વારા કોથળામાં સંતાડી બાઈક પર લાવવામાં આવતો વિદેશી દારૂ ૪૮૦૦ રૂ.નો જપ્ત કરી બંનેને જેલના હવાલે ધકેલી દીધા હતા. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામ એ ગુજરાત-રાજસ્થાન રાજયને જોડતી આંતરરાજય સરહદ છે. શામળાજી રતનપુર ચેકપોસ્ટથી મોટા પાયે વિદેશી દારૂ ઘુસાડવામાં આવે છે. રેલ્લાવાડા નજીક આવેલી સરહદ પર નાના નાના બુટલેગરો દ્વારા વિદેશી દારૂ અને બિયરના ટીન ઘુસાડી સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. શુક્રવારે સાંજના ઈસરી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈને મળેલી બાતમીના આધારે રેલ્લાવાડા નજીક વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ત્યારે ગઈ કાલે સાંજના ૬ વાગ્યાની આસપાસ રાજસ્થાન તરફથી બાઈક પર આવી રહેલા બે યુવાનોને રોકી તપાસ હાથ ધરતાં બાઈક પર રાખેલા કંતાનના કોથળામાંથી વગર પાસ પરમીટનો ગેરકાયદેસર વિદેશી દારૂની ૭૫૦ મીલીની બોટલ ૧૨ નંગ કુલ કિંમત રૂ. ૪૮૦૦ તેમજ બીયર બોટલ નંગ-૨૪ કુલ કિંમત રૂ.૨૪૦૦નો વગર પાસ પરમીટ વગરનો ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. બાઈક ચાલકની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં જીતુભાઈ દિનેશભાઈ મારવાડી (રહે. સર્વોદયનગર, મોડાસા) વિશાલકુમાર રણજીતસિંહ ચૌહાણને ઝડપી પાડી બાઈકની કિંમત રૂ. ૪૦૦૦૦ કુલ મુદ્દામાલ રૂ. ૪૭૨૦૦ જપ્ત કરી ઈસરી પોલીસે બંને યુવાનોની પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરી જેલને હવાલે કર્યા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

# પ્રાંતિજ-હરસોલ સ્ટેટ હાઈવે વિકાસપથ હેઠળ આવરી લઈ ઝડપથી પૂર્ણ કરવા ઉગ્ર રજુઆત

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાંથી પ્રાંતિજ હરસોલ જતા સ્ટેટ હાઈવે રોડને ફોરલેન વિકાસપથ બનાવવા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા ગુજરાત સરકારમાં લેખિત રજુઆત તા. રજી જૂનના રોજ કરવામાં આવી છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે નંબર આઠથી રેલવે સ્ટેશન ફાટક સુધીનો રસ્તો-રોડ ઓછી પહોળાઈનો છે આ રસ્તા પર વાહનોનો મોટો જમેલો જામેલો રહે છે ઉપરાંત બંને બાજુ તાલુકાની સરકારી ઓફીસો તેમજ શાળા-મહાશાળાઓ આવેલી છે. બેંકો પણ આવેલી છે અને સહકારી સંસ્થાઓ પણ આવેલી છે શાળાઓના ભૂલકાઓ, કન્યાઓ, રાહદારીઓ મળી દસેક હજાર ઉપરાંતના લોકો આવન-જાવન કરે છે ક્યારેક રાહદારીઓ-બાળકો વાહનોની હડફેટે આવી અકસ્માતનો ભોગ બને છે.

પ્રજાજનો-બાળકો અને વિશાળ જનહિતમાં સદર સ્ટેટ હાઈવે રોડને અપ એન્ડ ડાઉન પધ્ધતિથી ફોરલેન વિકાસપથ હેઠળ આવરી લઈ સદરહું કામ ઝડપથી પૂર્ણ કરવા ધારાસભ્ય બારૈયાએ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને લેખિત-મૌખિક રજુઆત કરેલ છે ત્યારે સરકારના આ જનહિતનું કામ ક્યારે અને કેટલું ઝડપથી કરાવે છે તેની રાહ પંથકજનો અને પ્રાંતિજના નગરજનો જોઈ રહ્યા છે.

# વિજાપુર સરકારી તાલુકા પુસ્તકાલયમાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો

વિજાપુર, તા. ૭

વિજાપુર સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. લોકોમાં પર્યાવરણ વિશે જાગૃતિ ફેલાય તે હેતુથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ગ્રંથાલય વિસ્તરણની પ્રવૃત્તિના ભાગરૂપે વિજાપુર સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં નિવૃત્ત પ્રિન્સિપાલ વિજયભાઈ રાવલે પર્યાવરણની માહિતી આપતા જણાવ્યું હતું કે પર્યાવરણ દવા, પાણી અને જમીન સાથે સંકળાયેલ છે.

મનુષ્યએ પર્યાવણને બરાબર અસર કરતી પ્રવૃત્તિઓ પર અંકુશ મુકવો પડશે. વિશ્વમાં એક દાયકાથી ઋતુ ચક્રમાં ફેરફાર આવ્યો છે. જે એક ચિંતાજનક બાબત છે. ઉદ્યોગો વાહનોથી થતુ પ્રદૂષણ, ગંદા પાણીનો વધારો, પ્લાસ્ટીક પ્રદૂષણથી પર્યાવરણ બગડે છે. જેના માટે આપણે જાગૃત થવુ પડશે.

પર્યાવરણ બચાવવા દરેક માણસે વૃક્ષો વાવવા જોઈએ અને વૃક્ષોનું નિકંદન થતું અટકાવવુ પડશે. કાર્યક્રમમાં કર્મચારી શૈલેષભાઈ પ્રજાપતિ, ગ્રંથપાલ, ગોવિંદભાઈ રાવળ, સહિત મોટી સંખ્યામાં બાળકો, વડીલો અને પ્રકૃતિ પ્રમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦